The Borrowers In Particular And The Public In General Is Hereby Cautioned Not To Deal With The Property And Any Dealings With The Property Will Be Subject To The Charge Of The IDFC FIRST Bank Limited (Erstwhile Capital First Limited And Amalgamated With Idfc Bank Limited) For An Amount Of **15,78,140.42/- (Rupees Fifteen Lakh Seventy Eight Thousand One Hundred Forty And Forty Two Paisa Only)** And Interest Thereon.

The Borrower's Attention Is Invited To Provisions Of Sub – Section (8) Of Section 13 Of The Act, In Respect Of Time Available, To Redeem The Secured Assets.

**Description Of The Immovable Properties.**

**All That Piece And Parcel Of Flat No. 305, Third Floor, Admeasuring 108 Sq. Mtrs. Contructed On The Plot In Mauje Anand, Anand Lying Being Land Bearing R.S. No. 230/2, Total Admeasuring 1214 Sq. Mtrs. T.P. Scheme No. 9, F.P. No. 22 Admeasuring 946 Sq. Mtrs. Known As "Mohammdi Baug-2", At Registration District & Sub District Anand, District Anand. And Bounded As: East: Flat No. 304, West:12 Mtrs. Wide Road, North: Margin Space, South: Flat No. 306**

**Sd/- Authorised Officer**
**Date: 31st March 2024** — **IDFC FIRST Bank Limited**
**Place: Anand.** — **(Erstwhile Capital First Limited And**
**Loan Account No: 14023983.** — **Amalgamated With IDFC Bank Limited)**


Business Standard CAMPUS TALK — BS PROMOTIONS

## SKIPS GUEST SESSION ON MANAGEMENT OF THE RETAIL INDUSTRY

The IIF Club of the SKIPS School of Business held a guest talk session steered by Mr Devesh Kumar, Vice-President (West Region) - Max Fashion, on the topic "Insights into the Retail Management Industry" on the 21st March 2024. He emphasised the importance of having a 'passion for fashion' and the necessity of vision and its execution for success in the retail industry. Mr Devesh further discussed the significance of cultivating qualities such as perseverance, empathy, problem-solving, time management, and most importantly, prioritising listening over speaking to maintain a customer-centric approach. The talk enriched the understanding of the management of the retail industry of the students.



## FUNFIESTA @SVIM, KADI

Kadi Sarva Vishwavidyalaya's S V Institute of Management organised Funfiesta 2024, an entrepreneurship-themed event, on March 22, 2024. The event was inaugurated by Mr Apurv Patel, founder of Petpooja, who emphasised the importance of a positive attitude and post-graduate education. Students participated in various entrepreneurial activities, including managing food stalls, movie screenings, and game zones. Food competitions showcased their culinary skills and creativity. The best teams were awarded prizes based on food quality, customer interaction, and stall decoration. Over 100 students participated in Funfiesta, which provided them with practical business knowledge and fostered a sense of entrepreneurship. Funfiesta 2024 was a success effort of Students and Guiding Faculties. The event aligns with the institute's mission of developing future management professionals with a strong entrepreneurial mindset. Mr Vallabhbhai Patel, Honorable Chairman of SVKM, congratulated Dr Bhavin Pandya, Director of S V Institute of Management and the team on the success of the event.

**Campus Reporter - Rikunj Suthar**




**U.H. ZAVERI LIMITED**
CIN : L74999GJ2017PLC098848
**Registered Office** : GF/2, Manish Complex, Indrajit Tenaments,Opp. Diamond Mill, Nikol Road, Ahmedabad - 382350 || Contact : 079-22703991 / 92
E-mail : uhzl.compliance@gmail.com || Website : www.uhzaveri.in

**NOTICE OF EXTRA ORDINARY GENERAL MEETING**

Notice is hereby given that the **Extra Ordinary General Meeting (EGM) of the members of U.H. Zaveri Limited ("the Company") will be held as scheduled on Saturday, 27th day of April, 2024 at 11:00 a.m.** at the Registered Office of the Company situated at GF/ 2, Manish Complex, Indrajit Tenamants,Opp. Diamond Mill, Nikol Road, Ahmedabad - 382350 to transact the businesses as set out in the Notice of EGM which is being circulated for convening the EGM.The company already dispatched the notice of EGM, through electronic mode to the shareholder whose email addresses are registered with the company and / or Depositories in accordance with the circulars issue by the MCA and SEBI. The notice EGM is also available on the website of National Depository services limited (NSDL) at www.evoting.nsdl.com and on the website of the Company www.uhzaveri.in

**Remote e-voting and e-voting during EGM :**

As Per Section 108 of the Companies Act, 2013 read with rules made there under and Regulation 44 of SEBI (LODR) Regulations, 2015 and the Secretarial Standards on General Meeting ("SS-2") issued by the ICSI, the Company is providing facility to all its Members to cast their vote on all resolutions to be set forth in the Notice of the EGM by electronic means (e-voting) by using electronic voting system provided by the NSDL. The voting rights of the members shall be in the proportion to the equity share held by them in the paid-up equity share of the Company as on Saturday, 20/04/2024 (the "cut-off date"), The details are required pursuant to the provision of the Companies Act, 2013 and rules made thereunder are given below:

(1) The Book closure period shall commence on Sunday, 21/04/2024 to Saturday, 27/04/2024 (Both days inclusive); (2) The remote e-voting period will commence at Wednesday, 24/04/2024 at 9.00 A.M. and will end on Friday, 26/04/2024 at 5.00 p.m. (3) Cut-off date for determining rights of entitlement of e-voting is Saturday, 20/04/2024; (4) The members will not be allowed to vote through remote e-voting beyond the period as specified above; (5) Shareholder acquiring the share of the company and becomes the members of the company after sending of the Notice and holding Shares as of the cut-off date may follow steps mention in the Notice of EGM to exercise their voting rights; (6) The Members who have cast their vote by remote e-voting prior to the EGM may also attend/participate in the EGM but shall not be entitled to cast their vote again. Members who have not casted their vote through remote e-voting shall be eligible to vote through e-voting facility during the EGM. (7) A person whose name is recorded in the register of members or in the register of beneficial owners maintained by the depositories as on the cut-off date only shall be entitled to avail the facility of remote e-voting as well as voting in the general meeting. (8) The Board has appointed M/s. Neelam Somani & Associates, Practising Company Secretary to act as the Scrutinizer to scrutinize the e-voting procedure, who shall submit the results of voting to the Chairman. (9) In case of any queries / grievances pertaining to remote e-voting you may refer to the Frequently Asked Questions ('FAQs') for Shareholders and e-voting user manual for Shareholders available at www.evoting.nsdl.com under help section or contact at 022-23058542/43.

For, U. H. Zaveri Limited
Date : 04/04/2024 — sd/- **Hitesh Mahendrakumar Shah**
Place : Ahmedabad — Managing Director (DIN : 07907609)



રાજસ્થાનમાંથી રાજ્યસભાના સભ્ય તરીકે ચુંટાયેલા કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીની શુક્રવારે નવી દિલ્હીમાં સંસદ ભવન ખાતે રાજ્યસભાના સભ્ય તરીકે યોજાયેલા શપથગ્રહણ પૂર્વે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સોનિયા ગાંધીનું પુષ્પગુચ્છ આપી અભિવાદન કરી રહ્યા છે. આ પ્રસંગે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા અને તેમના પતિ રોબર્ટ વાડ્રા પણ ઉપસ્થિત નજરે પડે છે.

### ઉમેદવારી પત્ર ભરતી વખતે રાહુલે પોતાની સંપતિ જાહેર કરી

# રાહુલ ગાંધી પાસે ૧૧.૧૫ કરોડની અચલ સંપતિ ૪.૩૩ કરોડના શેર, ૩.૮૧ કરોડના મ્યુચ્યુઅલ ફંડ

નવી દિલ્હી તા.૪

કોંગ્રેસનાં પૂર્વ અધ્યક્ષ રાહુલ પાસે દિલ્હીમાં ખેતીની જમીન છે.તે ઉપરાંત ગુરૂગ્રામમાં તેની પાસે કોમર્શીયલ બિલ્ડીંગમાં ઓફીસની જગ્યા છે. જેની કિંમત કરોડોમાં છે.જોકે રાહુલ કરોડોના માલીક હોવા છતા રોકડા રૂપિયા માત્ર ૫૫ હજાર જ છે.

રાહુલે ગઈકાલે કેરલનાં વાયનાડ લોકસભા સીટ પર ઉમેદવારી પત્ર ભરતી વખતે સોગંદનામામાં આ જાણકારી આપી હતી.

બે બચત ખાતા,માં કુલ ૨૬ લાખ ૨૫ હજાર રૂપિયા

રાહુલે સોગંદનામામાં જણાવ્યા અનુસાર દર વર્ષે તેમની કમાણી એક કરોડથી વધુ રૂપિયા છે. નાણાકીય વર્ષ ૨૦૨૨૨૦૨૩ માં રાહુલ ગાંધીને ૧.૦૨ કરોડ રૂપિયાની આવક થઈ હતી. જયારે ૨૦૨૧-૨૨ માં ૧.૩૧ કરોડ રૂપિયાની આવક હતી. આ રીતે ૨૦૨૦-૨૧ માં તેની કુલ આવક ૧.૨૯ કરોડ રૂપિયા હતી. આ પહેલા ૨૦૧૯-૨૦ માં તેમની આવક ૧.૨૧ કરોડ રૂપિયા હતી.

### કોંગ્રેસ નેતા પાસે હાથ પર માત્ર ૫૫ હજાર રૂપિયા

રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે તેમની આવક ભાડા, સાંસદ તરીકે મળતા વેતન અને રોયલ્ટીથી થાય છે.

સોગંદનામા અનુસાર રાહુલ ગાંધી પાસે ૫૫ હજાર રૂપિયાની રોકડ હાથમાં છે.તેમનાં બે બચત ખાતામાં ૧૫ માર્ચ સુધીમાં કુલ ૨૬ લાખ ૨૫ હજાર રૂપિયા જમા થયા છે.

૧૧.૧૫ કરોડ રૂપિયાની અચલ સંપતિઃ

રાહુલની ગુરૂગ્રામ સ્થિત સીગ્નેચર ટાવર્સમાં બે ઓફીસ છે. જે તેમણે ૭.૯૩ કરોડમાં ખરીદી હતી. હાલ તેની બજાર વેલ્યુ ૯ કરોડ ૮૯ લાખ ૮૯ હજાર છે તેના નામે કુલ ૧૧.૧૫ કરોડની અચલ સંપતિ છે.

કરોડોના શેરના માલીકઃ

રાહુલ પાસે યંગ ઈન્ડીયનનાં ૧૯૦૦ શેર છે. જેના ૧૦૦ રૂપિયા શેરદીઠ ભાવ છે. આ ઉપરાંત ૪ કરોડ ૩૩ લાખ ૬૦ હજાર ૫૧૯ રૂપિયાનાં અન્ય કંપનીઓનાં શેર છે જેમાં બજાજ ફાયનાન્સ, લાલપેથ, લેબ એશીયન, પોઈન્ટ જેવી કંપનીના શેર છે. જયારે ૩ કરોડ, ૮૧ લાખ, ૩૩ હજાર ૫૭૨ રૂપિયાના મ્યુચ્યુઅલ ફંડ છે.

### વધતા દાનના પ્રવાહને પગલે યાત્રીઓની સુવિધામાં પણ વધારો

# કાશી વિશ્વનાથ ધામમાં ભક્તોની ભીડ વધવાની સાથે દાનનો પ્રવાહ પણ વધ્યો

વારાણસી, તા.૪

દ્વાદશ જયોતિર્લિંગોમાં મુખ્ય કાશી વિશ્વનાથ મંદિરમાં શ્રધ્ધાળુઓની ભીડ વધવાથી ચડાવાના બધા રેકોર્ડ તૂટી ગયા છે. માર્ચ મહિનામાં પૂરા થયેલ નાણાંકીય વર્ષમાં ચડાવો (અર્પણ)થી મંદિરને ૮૩.૩૪ કરોડ રૂપિયાની આવક થઈ છે. જે ગત વર્ષની તુલનામાં ૪૨ ટકા વધુ છે.

પાંચ લાખ સ્કેવર ફિટના એરિયામાં બનેલા ભવ્ય દિવ્ય કાશી વિશ્વનાથધામ કોરિડોરનું ૧૩ ડિસેમ્બર-૨૦૨૧માં વડાપ્રધાન મોદીએ લોકાર્પણ કર્યું હતું. ત્યારબાદ અહીં આસ્થાળુઓ અને દાનના પ્રવાહનો દર વર્ષે નવો રેકોર્ડ બને છે.

### મંદિરને નાણાંકીય વર્ષના અંતમાં રૂ.૮૩.૩૪ કરોડની આવકઃ ગત વર્ષની તુલનામાં ૪૨ ટકા વધુ દાન મળ્યું

ગત વર્ષે દેશભરમાંથી લગભગ ૧૦ કરોડ લોકો દર્શન પૂજન કરવા માટે પહોંચ્યા હતા અને ખુલીને દળી કર્યું હતું. મંદિર પ્રશાસન તરફથી જાહેર આંકડા મુજબ હુંડી ઉપરાંત ઓનલાઈન અને સુગમ દર્શનથી ૮૩.૩૪ કરોડ રુપિયા દાનમાં મળ્યા હતા. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩માં ૫૮ કરોડ ૫૧ લાખ ૪૫ હજાર રુપિયાની આવક થઈ હતી. માત્ર માર્ચ મહિનામાં જ મંદિરને રેકોર્ડબ્રેક ૧૧ કરોડ ૧૪ લાખ ૬૨ હજાર રુપિયાની આવક થઈ હતી. જે ગત વર્ષના માર્ચ મહિનાની તુલનામાં ૩૪ ટકા વધુ છે. માર્ચ મહિનામાં સર્વાધિક ૯૫ લાખ ૬૨,૨૦૬ શ્રધ્ધાળુઓ આવ્યા હતા. જ્યારે ૩૧ માર્ચે ૬ લાખ ૩૬ હજાર ૯૭૫ શ્રધ્ધાળુઓ બાબાના દર્શન પૂજનમાં પહોંચ્યા હતાં.

### ભારત, પાકિસ્તાન સહિતના દેશોના સ્ટુડન્ટને અસર થશે

# ઓસ્ટ્રેલિયામાં ભણવાના બદલે જોબ કરવા જશો તો આકરા પગલાં લેવાશે

સિડની, તા.૪

છેલ્લા એક દાયકા કરતા વધુ સમયથી ઓસ્ટ્રેલિયા ભારતીય સ્ટુડન્ટ્સમાં એક મનપસંદ દેશ બની ગયો છે. અમેરિકા, કેનેડા અને યુકે ઉપરાંત ઓસ્ટ્રેલિયામાં પણ ભારતીયોની સંખ્યા ખાસ્સી મોટી છે. કાંગારુનો દેશ ગણાતા ઓસ્ટ્રેલિયામાં ઘણા વિદ્યાર્થીઓ ક્વોલિટી એજ્યુકેશન માટે આવે છે, પરંતુ કેટલાક એવા પણ હોય છે જેમને અહીં ભણવા કરતા જોબ કરવામાં વધુ રસ હોય છે. ઓસ્ટ્રેલિયા આવા સ્ટુડન્ટ્સ સામે સખત બની રહ્યું છે અને તેની સામે પગલાં લેવાઈ રહ્યા છે.

ઓસ્ટ્રેલિયાની સરકારે જાહેરાત કરી છે કે જેઓ અહીં ભણવા આવતા હોય તેમનું સ્વાગત છે,

પરંતુ માત્ર કામની શોધમાં આવશો તે તેવા લોકો સામે એક્શન લેવાશે. ઓસ્ટ્રેલિયામાં માત્ર જેન્યુઈન સ્ટુડન્ટ જ આવે તે માટે અંગ્રેજી લેંગ્વેજની ટેસ્ટમાં વધુ ઊંચો સ્કોર કરવો પડશે. અગાઉ અંગ્રેજીના ઓછા નોલેજથી પણ ચાલી જતું હતું, પરંતુ હવે તે નહીં ચાલે. સ્ટુડન્ટ અને ગ્રેજ્યુએટ વિઝા માટે હવેથી વધુ સારા અંગ્રેજીની જરૂર પડશે.

### ઓસ્ટ્રેલિયામાં ઘણા વિદ્યાર્થીઓ ક્વોલિટી એજ્યુકેશન માટે આવે છે : કેટલાકને જોબ કરવામાં વધુ રસ હોય છે

ઓસ્ટ્રેલિયાના હોમ મિનિસ્ટર ક્લેર ઓ નીલે કહ્યું કે માઈગ્રેશનને ધીમું પાડવા માટે જે સ્ટ્રેટેજી ઘડવામાં આવી છે તેનું પાલન કરવામાં આવશે. ગયા વર્ષે પણ ઓસ્ટ્રેલિયા એવા કેટલાક પગલાં લીધા હતા જેના કારણે સ્ટુડન્ટ અહીં કામ કરવા માટે નહીં પરંતુ ભણવા માટે આવે. કોવિડ વખતે સ્ટુડન્ટ્સને જે રાહતો આપવામાં આવી હતી તે ગયા વર્ષે બંધ કરી દેવાઈ હતી. ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ માટે અગાઉ કામના કલાકો નક્કી નહોતા થયા, પરંતુ હવે અમુક કલાક જ કામ કરી શકાશે.

ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ કે નેપાળ જેવા દેશોના સ્ટુડન્ટ ઓસ્ટ્રેલિયા આવે ત્યારે તેઓ ડોલર કમાવા માટે ગમે ત્યાં કામ કરવા તૈયાર થઈ જાય છે. તેના કારણે કામના સ્થળ પર તેમનું શોષણ થાય છે અને તેમનો અભ્યાસ પણ બગડે છે.

આવું ન થાય તે માટે અહીંની સરકાર હવે પગલાં લેવા લાગી છે. ઓસ્ટ્રેલિયાના સ્ટુડન્ટ વિઝા માટે અંગ્રેજીની xuMx IELTSમાં અગાઉ ૫.૫નો સ્કોર જરૂરી હતો જે હવે વધારીને ૬.૦ કરવામાં આવ્યો છે. તેવી જ રીતે ગ્રેજ્યુએટ વિઝા માટે IELTSમાં ૬.૦નો સ્કોર નહીં ચાલે, તેના બદલે ૬.૫ નો સ્કોર કરવો પડશે.

## અદાલતી કાર્યવાહીમાં ગેરહાજર રહેતા સાધ્વી પ્રગ્યાનો મેડીકલ રીપોર્ટ મંગાવાયો

મુંબઈ, તા.૪

માલેગાંવ બ્લાસ્ટ કેસમાં આરોપી સાધ્વી પ્રગ્યાસિંઘની મુશ્કેલી વધે તેવા સંકેત છે તેમને લાંબો સમયથી આરોગ્યના કારણોસર જામીન મળ્યા છે પરંતુ તેઓ જે રીતે પ્રવાસ કરે છે અને અદાલતી કાર્યવાહીમાં હાજરી આપતા નથી તે પછી મુંબઈની ટ્રાયલ કોર્ટે સાધ્વી પ્રગ્યાના મેડીકલ રિપોર્ટ મંગાવ્યા છે. સાધ્વી પ્રગ્યા હાલ ભોપાલમાં રહે છે.

# નવા જનરેશનના અગ્નિ પ્રાઈમનું સફળ પરિક્ષણ

નવી દિલ્હીઃ ભાજપે તેની સુરક્ષા અને આક્રમણ બન્ને પ્રણાલીને મજબૂત બનાવતા આજે સેનાની સ્ટ્રેટેજીક ફોર્સીસ કમાન્ડ તથા ડીફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનને નવા જનરેશનની બેલેસ્ટીક મિસાઈલ અગ્નિ પ્રાઈમનું સફળ પરિક્ષણ કર્યુ હતું. આ પરિક્ષણ કાલે સાંજે ૬ વાગ્યે અબ્દુલ કલામ દ્વીપ પરથી પરિક્ષણ કરવામાં આવ્યું હતું તથા તે સફળ રહ્યું છે. આ પરિક્ષણ સમયે સેનાની ચીફ ઓફ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, સ્ટેટેજીક કમાન્ડો ફોર્સના વડા તથા ડીઆરડીઓના ટોચના વૈજ્ઞાનિકો પણ ઉપસ્થિત હતા તો સંરક્ષણ મંત્રી રાજનાથસિંઘે આ પરિક્ષણ બદલ અભિનંદન આપ્યા હતા.

### સેનાના ચીફ ઓફ સ્ટાફ ખુદ હાજર રહ્યા

# બાયઝુ'સના રવિન્દ્રનની સંપતિ રૂ.૧૭૫૪૫ કરોડમાંથી ઝીરો થઈ

બેંગ્લોર તા.૪

કોરોનાકાળ અને તે બાદના સમયમાં ઓનલાઈન લર્નીંગ એપ્લીકેશન બાયઝુ'સ ના સ્થાપક અને યુવા સ્ટાર્ટઅપ બૈજુ રવિન્દ્રન એક સમયે અબજોપતિ ગણાતા હતા પરંતુ હવે તેમની સંપતિ ઝીરો ડોલર થઈ ગઈ છે.

એક વર્ષ પહેલા જ રવિન્દ્રનની નેટવર્થ રૂ.૧૭૫૪૫ કરોડ હતી. ફોર્બસના લીસ્ટમાં તેઓ સામેલ હતા અને એજયુકેશન એપ.માં તેઓ ભારતમાં નંબર વન હતા પરંતુ જે રીતે બાયઝુ'સની પડતી થઈ પછી રવિન્દ્રનને કંપનીના સંચાલનમાં ગંભીર ગેરસંચાલન અને જે રીતે તેના સબક્રાઈબર પણ ઘટયા તે પછી બાયઝુ'સની પડતી શરુ થઈ છે અને કંપનીના શેરહોલ્ડરોએ પણ રવિન્દ્રનને સીઈઓ પદેથી દુર કર્યા હતા. લગભગ એક બીલીયન ડોલરની ખોટ બાયઝુ'સે કરી છે અને તેનું કંપનીનું વેલ્યુએશન પણ ઘટી ગયું છે તે સમયે હવે રવિન્દ્રનની નેટવર્થ ઝીરો થઈ ગઈ છે. તેના પર એન્ફોર્સમેન્ટ વિભાગે રૂ.૯૩૬૨ કરોડના ફેમા ભંગનો પણ કેસ દાખલ કર્યો છે.

### લોકસભા ચૂંટણી પૂર્વે કોંગ્રેસને વધુ એક ઝટકો

# રામનું અપમાન સહન નહિં કરી શકુ કહી કોંગ્રેસના પ્રવકતા ગૌરવે પાર્ટીથી છેડો ફાડયો

નવી દિલ્હી તા.૪

લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસને વધુ એક ઝટકો લાગ્યો છે.કોંગ્રેસનાં તેજતર્રાર પ્રવકતા ગૌરવ વલ્લભે પાર્ટીને રાજીનામું ધરી દીધુ છે. તેના કારણમાં તેણે લાંબો પત્ર લખી કોંગ્રેસ સમક્ષ આયનો ધર્યો છે. તેણે કહ્યુ હતું કે જન્મથી હિન્દુ છુ રામનું અપમાન સહન નથી કરી શકતો.

તેણે પત્રમાં રોષ ઠાલવતાં જણાવ્યું હતું કે મે જયારે પાર્ટી જોઈન્ટ કરી ત્યારની કોંગ્રેસ અને અત્યારની કોંગ્રેસ વચ્ચે જમીન આસમાનનો ફરક છે. તેણે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાંક વર્ષોથી પાર્ટીમાં હું કોઈ સાચુ સ્ટેન્ડ નથી લઈ શકતો પાર્ટીમાં બૌધ્ધિક અને નવા આઈડીયાવાળા યુવાનોની કોઈ કદર નથી. પાર્ટી ગ્રાઉન્ડ લેવલ પર કોઈની સાથે કનેકટ નથી થઈ શકતી.

# કોંગ્રેસમાં અંદરો અંદર જૂથવાદ, આ જૂથો વચ્ચે પણ ટકકરઃ સસ્પેન્ડેડ નેતા નિરૂપમના પ્રહારો

મુંબઈ તા.૪

કોંગ્રેસ સાથે છેડો ફાડયા બાદ મહારાષ્ટ્રના કોંગ્રેસના વરિષ્ઠ નેતા સંજય નિરૂપમે પાર્ટી પર વાકપ્રહારો કર્યા છે. તેમણે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે આજે કોંગ્રેસ દિશાહિન થઈ ગઈ છે. નિરૂપમે પાર્ટીમાં અલગ અલગ ખેમા (ચોકા)ની વાત પણ કરી હતી.

તેમણે કહ્યું હતું કે હાલ કોંગ્રેસમાં પાંચ પાવર સ્ટેશન છે અને આ પાંચેય સેન્ટર આપસમાં ટકરાતા હોય છે અને એ લોકો તકલીફમાં રહેતો હોય છે જે કોઈ ખેમામાં નથી હોતા. આમાં પહેલો ખેમો સોનિયા ગાંધીનો છે, બીજો રાહુલનો, ત્રીજો દરબાર બહેનજી એટલે કે પ્રિયંકા ગાંધીનો છે, ચોથો ખેમો મલ્લિકાર્જુન ખડગેનો છે. નિરૂપમે કહ્યું હતું કે પાંચમું સેન્ટર કે.સી.વેણુગોપાલનું છે, જે માત્ર અંગ્રેજીમાં જ વાત કરે છે. આ બધા લોકોના કારણે રાજયોમાં બેઠેલા નેતાઓને તકલીફ પડે છે. સંજય નિરૂપમે કોંગ્રેસના સેકયુલરઝિમનો વિરોધ કરતા કહ્યું હતું કે મહાત્મા ગાંધી સેકયુલરિઝમ લાવ્યા હતા, જેમાં કોઈ ધર્મનો વિરોધ નહોતો પણ નહેરું જે સેકયુલરીઝમ જે છે તેમાં ધર્મનો વિરોધ શરૂ થઈ ગયો.

સંજય નિરૂપમે કોંગ્રેસ દ્વારા રામમંદિરમાં હાજર રહેવાનું આમંત્રણ ઠુકરાવવાનો મુદ્દો ઉઠાવીને કહ્યું હતુ કે આજે હાલત એ છે કે ભારત પુરું ધાર્મિક બની ગયું છે.

## યુએઈમાં ૧૦,૦૦૦ ટન ડુંગળીની નિકાસ કરવા કેન્દ્ર સરકારની મંજુરી

ડુંગળીના ભાવવધારાને રોકવા માટે લાગુ કરાયેલી નિકાસબંધી વચ્ચે કેન્દ્ર સરકાર દ્વારા સંયુક્ત આરબ અમીરાતમાં ૧૦,૦૦૦ ટનની નિકાસછૂટ આપવામાં આવી છે. નેશનલ કો-ઓપરેટીવ એકસપોર્ટ લીમીટેડ મારફત ૧૦,૦૦૦ ટન ડુંગળી નિકાસ થઇ શકશે. નિકાસબંધી લાગૂ કરાયા બાદ સરકારે અત્યાર સુધીમાં ૭૯૧૫૦ ટનની નિકાસ છુટ્ટ આપવામાં આવી છે. ભારતમાં અલનીનોની અસર હેઠળ ગરમ દિવસો વધુ રહેતા ભારતમાં ઉત્પાદનમાં ઘટાડો થયો હતો અને ભાવ વધવા લાગતા સરકાર દ્વારા નિકાસબંધી જાહેર કરવામાં આવી હતી.


## યુ.એચ. ઝવેરી લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ : ગ્રા.ફ./૨, મનીષ કોમ્પ્લેક્સ, ઈન્દ્રજીત ટેનામેન્ટ્સ, ડાયમંડ મિલ સામે, નિકોલ રોડ, અમદાવાદ - ૩૮૨૩૫૦ || CIN : L74999GJ2017PLC098848

Contact : 079-22703991/ 92 || E-mail : uhzl.compliance@gmail.com || Website : www.uhzaveri.in

**એક્સ્ટ્રા ઓર્ડિનરી જનરલ મીટિંગની નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે **યુ.એચ. ઝવેરી લિમિટેડ ("કંપની")ના સભ્યોની એક્સ્ટ્રા ઓર્ડિનરી જનરલ મીટિંગ** (EGM) **શનિવાર, ૨૭મી એપ્રિલ, ૨૦૨૪ ના રોજ ગ્રા.ફ./૨, મનીષ કોમ્પ્લેક્સ, ઇન્દ્રજીત ટેનામેન્ટ્સ, ડાયમંડ મિલ સામે, નિકોલ રોડ, અમદાવાદ - ૩૮૨૩૫૦ સ્થિત કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ ખાતે સવારે ૧૧:૦૦ વાગ્યે** નિર્ધારિત કાર્યક્રમ મુજબ યોજાશે. EGMની નોટિસમાં નિર્ધારિત વ્યાપાર વ્યવહાર કરવા માટે, જે EGM બોલાવવા માટે પ્રસારિત કરવામાં આવી રહી છે. કંપની અને/અથવા ડિપોઝિટરીઝ સાથે એમસીએ અને સેબીના પરિપત્રો અનુસાર કંપનીએ પહેલેથી જ EGM ની નોટિસ ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા જેમના ઈમેઈલ સરનામાં નોંધાયેલા છે તેવા શેરધારકોને મોકલી આપેલ છે. EGM નોટિસ નેશનલ ડિપોઝિટરી સર્વિસ લિમિટેડ (NSDL) ની વેબસાઈટ www.evoting.nsdl.com પર અને કંપનીની વેબસાઈટ www.uhzaveri.in પર પણ ઉપલબ્ધ છે.

**EGM દરમિયાન રિમોટ ઈ-વોટિંગ અને ઈ-વોટિંગ:**

કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૮ મુજબ ત્યાં બનાવેલા નિયમો અને SEBI (LODR) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમન ૪૪ અને ICSI દ્વારા જારી કરાયેલ જનરલ મીટિંગ ("SS-2") પરના સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ્સ મુજબ કંપની સુવિધા પૂરી પાડે છે એનએસડીએલ દ્વારા પૂરી પાડવામાં આવેલ ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમનો ઉપયોગ કરીને ઈલેક્ટ્રોનિક માધ્યમો (ઈ-વોટિંગ) દ્વારા ઈજીએમની નોટિસમાં નિર્ધારિત તમામ ઠરાવો પર તમામ સભ્યોને તેમનો વોટ આપવાની સુવિધા આપશે. સભ્યોના મતદાન અધિકારો શનિવાર, ૨૦/૦૪/૨૦૨૪ ("કટ-ઓફ તારીખ") ના રોજ કંપનીના પેઈડ-અપ ઈક્વિટી શેરમાં તેમના દ્વારા રાખવામાં આવેલા ઈક્વિટી શેરના પ્રમાણમાં હોવા જોઈએ. કંપની અધિનિયમ, ૨૦૧૩ ની જોગવાઈ અનુસાર જરૂરી વિગતો છે અને તેના હેઠળ બનાવેલા નિયમો નીચે આપેલ છે:

(૧) બુક બંધ કરવાનો સમયગાળો રવિવાર, ૨૧/૦૪/૨૦૨૪ થી શનિવાર, ૨૭/૦૪/૨૦૨૪ સુધી રહેશે (બંને દિવસો સહિત); (૨) રીમોટ ઈ-વોટિંગ સમયગાળો બુધવાર, ૨૪/૦૪/૨૦૨૪ સવારે ૯.૦૦ વાગ્યે શરૂ થશે અને શુક્રવાર, ૨૬/૦૪/૨૦૨૪ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે સમાપ્ત થશે. (૩) ઈ-વોટિંગના અધિકારો નક્કી કરવા માટેની કટ-ઓફ તારીખ શનિવાર, ૨૦/૦૪/૨૦૨૪ છે; (૪) સભ્યોને ઉપરોક્ત જણાવેલ સમયગાળા પછી રીમોટ ઈ-વોટિંગ દ્વારા વોટિંગ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં; (૫) શેરહોલ્ડર કંપનીનો હિસ્સો હસ્તગત કરે છે અને નોટિસ મોકલ્યા પછી અને કટ-ઓફ તારીખે શેરો હોલ્ડ કર્યા પછી કંપનીના સભ્ય બને છે તેઓ તેમના વોટિંગ અધિકારોનો ઉપયોગ કરવા માટે ઈજીએમ ની નોટિસમાં જણાવેલ પગલાંને અનુસરી શકે છે; (૬) જે સભ્યોએ ઈજીએમ પહેલાં રિમોટ ઈ-વોટિંગ દ્વારા તેમનો વોટ આપ્યો છે તેઓ પણ ઈજીએમ માં હાજરી/ભાગ લઈ શકશે પરંતુ તેઓ ફરીથી તેમનો વોટ આપવા માટે હકદાર રહેશે નહીં. જે સભ્યોએ રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો વોટ આપ્યો નથી તેઓ ઈજીએમ દરમિયાન ઈ-વોટિંગ સુવિધા દ્વારા વોટ આપવા માટે હકદાર રહેશે. (૭) જે વ્યક્તિનું નામ સભ્યોના રજિસ્ટરમાં અથવા ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવેલા લાભાર્થી માલિકોના રજિસ્ટરમાં માત્ર કટ-ઓફ તારીખે નોંધાયેલું હોય તે રિમોટ ઈ-વોટિંગની સુવિધા તેમજ જનરલ મીટિંગમાં વોટિંગ કરવા માટે હકદાર છે. (૮) બોર્ડે મેસર્સ નીલમ સોમાણી એન્ડ એસોસિએટ્સ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીની ઈ-વોટિંગ પ્રક્રિયાની ચકાસણી કરવા માટે સ્ક્રુટિનાઈઝર તરીકે નિમણુક કરી છે. જેઓ વોટિંગના પરિણામો ચેરમેનને સબમિટ કરશે. (૯) રિમોટ ઈ-વોટિંગને લગતી કોઈપણ પ્રશ્નો/ ફરિયાદોના કિસ્સામાં શેરધારકો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો ('FAQs') અને મદદ હેઠળ www.evoting.nsdl.com પર ઉપલબ્ધ શેરધારકો માટે ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકા વિભાગમાં જોઈ શકો છો અથવા ૦૨૨-૨૩૦૫૮૫૪૨/ ૪૩ પર સંપર્ક કરો.

યુ.એચ. ઝવેરી લિમિટેડ માટે

તારીખ : ૦૪-૦૪-૨૦૨૪ sd/- **હિતેશ મહેન્દ્રકુમાર શાહ**

સ્થળ : અમદાવાદ મેનેજિંગ ડિરેક્ટર (DIN : 07907609)




યેચેનના ટાપુ ઓક્ટ્રાથી ૯૦ નોટિકલમાઈલ દૂર દરિયામાં ૨૩ પાકિસ્તાની ક્રુમેમ્બર સાથેના ઈરાનના ફિશિંગ વેસલ અલ કમ્બાર ચાંચિયાઓ હુમલો કરી જહાજ પર કરેલા કબજા દરમિયાન ભારતીય નૌસેનાના યુદ્ધ જહાજ આઈએનએસ ત્રિશુલ અને આઈએનએસ સુમેઘાએ મદદે પહોંચી વળતી કાર્યવાહી કરી ચાંચિયાના કબજામાંથી વળતી કાર્યવાહી કરી ચાંચિયાની ક્રુમેમ્બરને મુકત કરી ધરપકડ કરેલા ૯ ચાંચિયાઓને ભારતીય નૌસેના દ્વારા મુંબઈ લાવીને મુંબઈ પોલીસને સોંપ્યા હતા.

# હીટવેવની અસર નહીંઃ કેરીનુ ઉત્પાદન ૧૪ ટકા વધીને ૨.૪ કરોડ ટન થશે

નવી દિલ્હીઃ દેશમાં આ વર્ષે કેરીનું ઉત્પાદન ૧૪ ટકા વધવાનો અંદાજ છે. આઈસીએઆર-સેન્ટ્રલ ઈન્સ્ટીટયુટ ફોર સબટ્રોપિકલ હોર્ટિકલ્ચરના ડિરેકટર ટી. દામોદરને કહ્યું હતું કે આ વર્ષે કેરીનું ઉત્પાદન ૨.૪ કરોડ ટન થવાનો અંદાજ છે.

ભારતીય હવામાન વિભાગ એ કહ્યું છે કે એપ્રિલ-મેમાં ગરમીનું મોજું ફરી વળશે અને સામાન્ય કરતાં વધારે ગરમી પડશે. જો કે દામોદરને કહ્યું હતું કે ખેડુતો યોગ્ય રીતે સિંચાઈનો ઉપયોગ કરીને કાળજી લેશે તો કેરીના પાક પર તેની કોઈ વિપરીત અસર નહીં થાય.

દામોદરને કહ્યું હતું કે કેરીના પાકની માવજત ખૂબ જ જરૂરી છે. શરૂઆતના તબકકામાં સાનુકુળ માહોલને કારણે આંબામાં પોલિનેશનની પ્રક્રિયા સારી થઈ છે અને કેરી આવવાના દિવસો શરૂ થઈ ગયા છે. સામાન્ય હીટ વેવની તેના પર કોઈ અસર નહીં થાય. ઉલટું, પરોક્ષ રીતે તે મદદરૂપ થશે.

તેમણે કહ્યું કે હાલના તબકકે કેરીનો પાક સારો થશે તેવા ઉજળા સંજોગો છે. કુલ ઉત્પાદન ચાલુ સિઝન (જુલાઈ ૨૦૨૩થી જૂન ૨૦૨૪)માં ૨.૪ કરોડ ટન થવાનો અંદાજ છે. અગાઉની સિઝન (જુલાઈ ૨૦૨૨થી જૂન ૨૦૨૩)માં ૨.૧ કરોડ ટન કેરીનો પાક થયો હતો.

તેમણે કહ્યું કે દક્ષિણ ભારતમાં કેરીનો બમ્પર પાક થવાનો અંદાજ છે. દેશના કુલ કેરી ઉત્પાદનમાં દક્ષિણનું ૫૦ ટકા યોગદાન છે. ગત વર્ષે દક્ષિણમાં વિપરીત વાતાવરણને કારણે ૧૫ ટકા પાક ઓછો થયો હતો. આ વર્ષે સ્થિતિ સારી છે.

કેરી ફળનો રાજા કહેવાય છે અને દેશમાં કેરી ખૂબ જ લોકપ્રિય ફળ છે. વિશ્વમાં કેરીના ઉત્પાદન પૈકી ૪૨ ટકા ઉત્પાદન ભારતમા થાય છે. દામોદરને કહ્યું કે આ વર્ષે આઈએમડીએ વધુ પડતી ગરમી પડવાનો વર્તારો કર્યો છે. આવા સંજોગોમાં ખેડૂતોએ સાવચેતી રાખવી જરૂરી છે.

કેરીમાં જંતુઓ થઈ જવાની સમસ્યા સામે સાવચેતી રાખવા તેમણે ખેડૂતોને સલાહ આપી છે. તેનું પ્રમાણ ખાસ્સું વધ્યું હોવાનું પણ તેમણે કહ્યું હતું. ખોરાકની શોધમાં જંતુઓ ફુલોમાંથી નવા સર્જાયેલા ફળમાં ઘુસે છે. આવું ન થાય તે માટે તાત્કાલિક જંતુનાશકોનો છંટકાવ જરૂરી છે તેમ તેમણે કહ્યું હતું.


## જાહેર નોટીસ

ગુજરાત સરકાર

નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

જમીન સંપાદન પુનઃ સ્થાપન અને પુનઃ વસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)

ગામઃ સાદરા, તાલુકોઃ માંડલ, જિલ્લોઃ અમદાવાદ - કેસ નં. ૦૮/૨૦૨૧

સંપાદનનો હેતુઃ માંડલ ડીસ્ટ્રીબ્યુટરીની કુણપુર માઈનોર-૨ નહેરના બાંધકામ સારૂ

પરિશિષ્ટ-ક

| જમીન કબ્જેદારનું નામ | ગામ ન.નં. ૮ (અ) | સર્વે/બ્લોક નંબર | વિસ્તાર હે.આર.ચો.મી | જમીન વિસ્તાર સંપાદિત કરેલ હે.આરે.ચો.મી |
|---|---|---|---|---|
| ગાંડાજી છગનજી | ૧૮૩ | ૧૦૪ (૫૯) | ૧૫-૭૭-૭૧ | ૦-૪૨-૩૦ |
| મેનાબેન છગનજી રાયાજીની | | | | |
| રેવા રાણા | | | | |
| ઝેણાભાઈ ભુરાભાઈ | | | | |
| પોપટભાઈ ગાંડાભાઈ | | | | |
| ચેલાભાઈ ગાંડાભાઈ | | | | |
| ભેમાભાઈ ગાંડાભાઈ | | | | |
| પાંચાભાઈ ગાંડાભાઈ | | | | |
| ભોજાભાઈ ગાંડાભાઈ | | | | |
| રામશીભાઈ ગાંડાભાઈ<br>લાસીબેન તે બબાજી | | | | |
| કાળાજીની વિધવા | | | | |
| ચતુરજી બબાજી ઠાકોર | | | | |
| સમુબેન બબાજી ઠાકોર<br>લાડકીબેન બબાજી | | | | |
| ઠાકોર | | | | |
| ગૌરીબેન બબાજી ઠાકોર<br>પ્રહલાદભાઈ ગણેશભાઈ | | | | |
| વાઘરી<br>ચંદુભાઈ ગણેશભાઈ | | | | |
| વાઘરી<br>શંભુભાઈ ગણેશભાઈ | | | | |
| વાઘરી<br>શીવાભાઈ ગણેશભાઈ | | | | |
| વાઘરી<br>વિઠ્ઠલભાઈ ગણેશભાઈ | | | | |
| વાઘરી<br>પોપટભાઈ ગણેશભાઈ | | | | |
| વાઘરી<br>ભરતભાઈ ગણેશભાઈ | | | | |
| વાઘરી<br>ગજરાબેન તે<br>ગણેશભાઈ<br>લવજીભાઈ વાઘરીની | | | | |
| પત્ની | | | | |
| કનુભાઈ પાંચાભાઈ | | | | |
| ચકુભાઈ પાંચાભાઈ | | | | |
| ભગીબેન પાંચાભાઈ<br>બોનીબેન હિરાભાઈની | | | | |
| વિધવા | | | | |
| પાલીબેન હિરાભાઈ | | | | |
| માણેકબેન હિરાભાઈ | | | | |
| સંતોકબેન હિરાભાઈ | | | | |
| પ્રતાપભાઈ હિરાભાઈ | | | | |
| નટવરભાઈ હિરાભાઈ | | | | |
| ભીખાજી ભલાજી | | | | |
| કડવીબેન ભલાજી | | | | |
| સમજુબેન ભલાજી | | | | |
| શારદાબેન ભલાજી | | | | |
| કંચનબેન ભલાજી<br>કંચનબેન બાબુજીની | | | | |
| વિધવા | | | | |
| સતિષભાઈ બાબુજી | | | | |
| કલ્પેશભાઈ બાબુજી<br>મનુબેન તે | | | | |
| વશરામભાઈ ચૌહાણના<br>દિનાબેન વશરામભાઈ | | | | |
| ચૌહાણ<br>પુષ્પાબેન વશરામભાઈ | | | | |
| ચૌહાણ<br>રાજુભાઈ વશરામભાઈ | | | | |
| ચૌહાણ<br>અરવિંદભાઈ<br>વશરામભાઈ | | | | |
| ચૌહાણ<br>મીરાબેન ભીખાભાઈ | | | | |
| વાઘરી<br>રાજેન્દ્રભાઈ ભીખાભાઈ | | | | |
| વાઘરી<br>રાજુભાઈ ભીખાભાઈ | | | | |
| વાઘરી<br>સુરેશભાઈ ભીખાભાઈ | | | | |
| વાઘરી | | | | |
| દેવાજી શંકરાજી | ૧૭૨ | ૧૦૭ (૫૫) | ૫-૩૬-૨૧ | ૦-૧૦-૧૫ |
| વીરજીભાઈ તસાજી | | | | |
| મંજીભાઈ તસાજી | | | | |
| રમેશજી ચતુરજી | | | | |
| નટવરજી ચતુરજી | | | | |
| વીષ્ણુજી ચતુરજી | | | | |
| બાબુજી મહાદેવજી | | | | |
| અમૃતજી મહાદેવજી | | | | ૦-૦૩-૮૦ |
| કુંવરબેન જકશીભાઈ ભરવાડ | | | | ૦-૦૬-૪૦ |

ઉપરોક્ત જણાવેલ સર્વે નંબર, ક્ષેત્રફળવાળી સંપાદન હેઠળ કલમ-૧૦ અને કલમ-૧૧ હેઠળ ઉપરોક્ત હેતુ માટે સંપાદન કરવા જાહેર પ્રસિધ્ધિ કરવામાં આવેલ છે. ત્યારબાદ કલમ-૧૯ (૧) આખરી જાહેરનામાની સરકારી ગેઝેટમાં તા.૦૬-૦૩-૨૦૨૪ના રોજ પ્રસિધ્ધિ કરવામાં આવેલ. અત્રેની કચેરી દ્વારા સદર હેતુ માટે કલમ-૨૧ (૧) અને (૨) હેઠળ ઉપરોક્ત દર્શાવેલ સર્વે નંબરના ખાતેદારને રૂબરૂ સાંભળવાને રજુઆત કરવા નોટીસની બજવણી કરવા છતાં નોટીસની બજવણી થયેલ નથી. જેથી જાહેર હિત અને કુદરતી ન્યાયના સિધ્ધાંતને ધ્યાને લઇ સદર જાહેરાતથી વાકેફ કરવા જાહેર પ્રસિધ્ધિ કરવામાં આવે છે.

આથી જમીનમાં હીત ધરાવતી ઉપરોક્ત સર્વે નંબરવાળી વ્યક્તિઓને જણાવવામાં આવે છે કે, અત્રેની કચેરીએ તા.૦૬-૦૪-૨૦૨૪નાં રોજ ૧૨.૩૦ વાગે જમીનમાંના તેનો હિતનો પ્રકાર, તે માટેનાં વળતર અંગેના હક્ક દાવાની વિગત તથા રકમ અને અધિનિયમની કલમ-૧૨ હેઠળ લીધેલા માપ અંગે કોઇ વાંધો હોઈ તો તે જણાવવા માટે જાતે અથવા કે તેમના એજન્ટ અથવા એડવોકેટ મારફત હાજર રહેવું. તથા જમીનની કિંમત અંગે રજુઆત કરવા માગતા હોવ તો જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે અત્રેની કચેરી નાયબ કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારી નર્મદા યોજના, વેજલપુર, અમદાવાદ ખાતે રૂબરૂમાં ઉપસ્થિત રહેવું.

(સહી)
(એમ.એમ.દેસાઈ)
નાયબ કલેકટર અને
ખાસ જમીન સંપાદન અધિકારી
નર્મદા યોજના
અમદાવાદ

ક્રમાંક/સંમાનિ/અમદ/૭/૨૦૨૪/